# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**સત્રાંત પરીક્ષા જુલાઈ : 2012**

**સૂચના :** 1. તમામ પ્રશ્નોના જવાબ ફરજિયાત છે.

2. જ્યાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.

3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું

4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.

5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.

6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ** **સર્ટિફિકેટ ઈન મેટરનીટી નર્સિંગ આસીસ્ટન્ટ (CTBA)** **નોંધણી** ________________

**પાઠયક્રમ** **: સ્ત્રીનું ઋતુચક્ર અને ગર્ભાવસ્થા (CTBA-01)**

**તારીખ** **: 07/07/2012**

**સમય** **: 11:00 to 12:30** **કુલ ગુણ : 50**

| | |
|---|---|
| 1 | ગર્ભાશય મુખ્યત્વે શાનું બનેલું છે ?<br>(A) બાહ્ય ત્વચા (B) રક્તકણો (C) સ્નાયુઓ (D) આંતઃ ત્વચા |
| 2 | સ્ત્રીના શરીરમાં સામાન્ય રીતે કેટલા અંડાશય હોય છે ?<br>(A) એક (B) ત્રણ (C) બે (D) ચાર |
| 3 | અંડબીજ છૂટું પડવાથી માસિક આવવાનો ગાળો ________ દિવસનો હોય છે.<br>(A) 10 (B) 14 (C) 20 (D) 25 |
| 4 | ગર્ભધારણ પ્રક્રિયાનો સીધો સંબંધ ____________ સાથે હોય છે.<br>(A) અંડાશય (B) માસિક ઋતુસ્ત્રાવ (C) પુરુષ (D) શુક્રપિંડ |
| 5 | ગર્ભાધાનથી પ્રસવ સુધીનો ગાળો ___________ દિવસોનો હોય છે.<br>(A) 180 (B) 200 (C) 300 (D) 280 |
| 6 | ગર્ભાવસ્થાનો ત્રીજો તબક્કો ___________ અઠવાડિયાનો હોય છે.<br>(A) 25 થી 28 (B) 30 થી 35 (C) 28 થી 35 (D) 28 થી 40 |
| 7 | ગર્ભાવસ્થામાં પેશાબમાં શાની તપાસ કરવામાં આવે છે.<br>(A) સુગર (B) સુગર અને આલ્બ્યુમીન (C) આયર્ન (D) આલ્બ્યુમીન |
| 8 | ગર્ભાવસ્થામાં સ્ટેથોસ્કોપ દ્વારા બાળકના ધબકારા ____________ અઠવાડિયા પછી શકય બને છે.<br>(A) 10 (B) 15 (C) 20 (D) 25 |
| 9 | સગર્ભા સ્ત્રીને બાર અઠવાડિયા પહેલાં ________ ની ગોળીઓ આપવી જરૂરી છે.<br>(A) Vitamin-A (B) પીપરમીટ (C) મલ્ટી વિટામીન (D) ફોલિક એસિડ |
| 10 | અપૂરતાપોષણવાળી માતાને __________ રોગ થવાની શકયતા છે.<br>(A) કોલેરા (B) ન્યુમોનિયા (C) કમળો (D) પાડુંરોગ |
| 11 | સગર્ભાએ કબજિયાતમાં ______ દવા લેવી જોઈએ.<br>(A) પેરાસીટામોલ (B) ઝાડાની (C) ઈસબગુલ (D) શકિતની |
| 12 | સગર્ભાવસ્થામાં hypertension વધુ રહે તો કયા અંગને નુકસાન થવાની શકયતા વધુ રહે છે ?<br>(A) મળાશય (B) ફેફસા (C) જઠર (D) કીડની |
| 13 | સગર્ભાને હૃદયની તકલીફ હોય તો સ્ટેથોસ્કોપ મૂકતાં ________ અવાજ સંભળાય છે.<br>(A) ફરફર (B) ધકધક (C) મરમર (D) ચરચર |

| | |
|---|---|
| 14 | _________ રોગમાં લીવર પર સોજો આવે છે.<br>(A) ટાઈફોઈડ (B) કમળો (C) ન્યુમોનિયા (D) કોલેરા |
| 15 | મેલીનો ભાગ નીચે હોય તો રકતસ્ત્રાવ કેવી રીતે થાય ?<br>(A) દુઃખાવા વગર (B) દુઃખાવા સાથે (C) ઊલટી સાથે (D) ધીરેધીરે |
| 16 | વીસ અઠવાડિયા પછી સીસ્ટોલીક _______ અને નીચેનું દબાણ વધુ હોવું એ પ્રીએકલેપ્શીયાની નિશાની ગણી શકાય.<br>(A) 140 અને 90 (B) 130 અને 80 (C) 120 અને 100 (D) કોઈ નહીં |
| 17 | સગર્ભાવસ્થાનો પ્રથમ તબક્કો સ્ત્રીબીજ અને પુરુષબીજના મિલનથી ________સુધીનો હોય છે.<br>(A) 11 week (B) 12 week (C) 14 week (D) 10 week |
| 18 | એબોર્શનના ___________ પ્રકાર છે.<br>(A) 3 (B) 4 (C) 5 (D) 6 |
| 19 | જયારે મેલીનો ભાગ સુવાવડ પહેલાં છૂટો પડે ત્યારે તેને _________ કહેવાય.<br>(A) Celebras Malaria (B) Abouption placenta (C) Missed abortion (D) Placent pheria |
| 20 | Vesicular mole થવાના ચાન્સ કઈ ઉંમરમાં વધુ હોય છે ?<br>(A) ખૂબ નાની કિશોરાવસ્થા તથા 35 વર્ષથી મોટી ઉંમરની સ્ત્રી માતા બને<br>(B) 14 વર્ષની ઉંમરે (C) ખૂબ મોટી ઉંમરે (D) એકપણ નહીં |
| 21 | શુક્રબીજથી ફલિત સ્ત્રીબીજનો વિકાસ ગર્ભાશયની બહાર થાય તેને ________ પ્રેગનન્સી કહેવાય.<br>(A) Normal (B) એકટોપીક (C) ડીફરન્ટ (D) જોખમી |
| 22 | __________ થી ઓછી ઊંચાઈ ધરાવતી માતાને મોટા ભાગે નીચે જગ્યા જન્મ માટે ઓછી પડી શકે છે.<br>(A) 5 ફૂટ 10 ઇંચ (B) 3 ફૂટ 6 ઇંચ (C) 4 ફૂટ 10 ઇંચ (D) 4 ફૂટ 6 ઇંચ |
| 23 | સગર્ભાવસ્થામાં પેશાબની તપાસ કરાતાં __________નું નિદાન ત્વરિત કરી શકાય છે.<br>(A) ડાયાબીટીસ (B) પાંડુરોગ (C) પ્રીએકલેપ્શીયા (D) A અને C બંને |
| 24 | જયારે એબોર્શનની પ્રોસેસ ચાલુ થઈ ગઈ હોય પણ તેને રોકી ન શકાય તેવું હોય તેને _________ Abortion કહેવાય.<br>(A) Missed (B) Complete (C) Incomplete (D) Inevitable |
| 25 | ગર્ભને ______________ અઠવાડિયે જઘનાસ્થિ સંધાન (Symphysis pubis) ની ઉપર સ્પર્શી શકાય છે.<br>(A) 10 (B) 12 (C) 16 (D) 20 |
| 26 | ગર્ભાશયનું સ્થાન કયાં છે ?<br>(A) પેશાબની કોથળી અને મળાશય વચ્ચે (B) પેટની ઉપર (C) આંતરડામાં (D) પકવાશય |
| 27 | રકતસ્ત્રાવ ચાલુ થાય, પેટમાં દુઃખે, નાડીના ધબકારા વધે, બી.પી. ખૂબ જ ઘટે ત્યારે<br>(A) પ્રસૂતિ નજીક છે (B) પ્રસૂતિને વાર છે. (C) મેલીનો ભાગ છૂટો પડવો (D) કોઈપણ નહીં |
| 28 | સગર્ભા સ્ત્રીએ સવારમાં મોર્નિંગ સીકનેસ (ઉબકા–ઊલટી) ન થાય તે માટે _______ ખોરાક લેવી જોઈએ.<br>(A) ગળ્યો અને કડક (B) ગળ્યો (C) તીખો (D) ખાટો–ખારો |
| 29 | નાભિના સ્તરે ગર્ભની પરીક્ષા _______ અઠવાડિયે થઈ શકે છે.<br>(A) 12 (B) 24 (C) 20 (D) 16 |
| 30 | કમળો થાય ત્યારે સીરમ બીલીરૂબીનની માત્રામાં શું થાય છે ?<br>(A) 2 mg કરતાં વધે (B) 2mg કરતાં ઓછી થાય (C) 3mg કરતાં વધે (D) 3.5 mg કરતાં વધે |
| 31 | કયો રોગ હોય તો બહેનોએ સગર્ભાવસ્થા ધારણ ન કરવી જોઈએ ?<br>(A) ન્યુમોનિયા (B) ટાઈફોઈડ (C) HIV Positive (D) Jaundice |
| 32 | પ્રસવદિનની ગણતરી કેવી રીતે થાય છે ?<br>(A) માસિકના છેલ્લા દિવસની તારીખમાં 9 મહિના ઉમેરવા<br>(B) માસિક પત્યા પછી 9 મહિના અને 7 દિવસ ઉમેરવા<br>(C) માસિકના પહેલા દિવસની તારીખમાં 9 મહિના અને 7 દિવસ ઉમેરવા<br>(D) માસિકના પહેલા દિવસની તારીખમાં 9 મહિના ઉમેરવા |
| 33 | વારંવાર થાક લાગવો, ચક્કર, હાંફ ચડવો, ધબકારા, વધવા, શ્વાસ લેવામાં તકલીફ થવી, સોજા હોવા એ ____________ના લક્ષણો છે.<br>(A) ઝાડાઉલટી (B) પાંડુરોગ (C) મેલેરિયા (D) ડાયાબીટીસ |

| | | |
|---|---|---|
| 34 | મેલીનો ભાગ નીચે છે કે છૂટો, પડી ગયો છે. તેનું સાચું(પાકું) નિદાન ____________દ્વારા થઈ શકે છે.<br>(A) પેશાબ (B) પેટ પરની તપાસ (C) સોનોગ્રાફી (D) નીચેથી |
| 35 | મેલીનો ભાગ નીચે હોય તેના ___________ પ્રકાર છે.<br>(A) બે (B) ચાર (C) છ (D) ત્રણ |
| 36 | સગર્ભા સ્ત્રીના શરીરમાં ફિકાશ હોય તો _________ ની ગોળી લેવી જોઈએ.<br>(A) વિટામીન-E (B) પીપરમીટ (C) લોહતત્વ (D) એકપણ નહીં |
| 37 | અંડાશયનો આકાર __________ હોય છે.<br>(A) ગોળ (B) અંડાકાર (C) લંબગોળ (D) ત્રિકોણ |
| 38 | ગર્ભના વિકાસ અને પ્રસૂતિમાં __________ મહત્વનો ભાગ ભજવે છે.<br>(A) અંડાશય (B) ગર્ભાશય (C) બાહ્ય જનનાંગો (D) અંડવાહિની |
| 39 | અંડબીજનું પુરુષબીજ દ્વારા ફલન ન થાય તો તે________કલાકમાં ઓગળી જાય છે.<br>(A) 12 (B) 16 (C) 20 (D) 24 |
| 40 | ગર્ભધારણ થયા પછી લગભગ __________ થી ________ અઠવાડિયા માતાને સવારમાં ઉબકા કે ઉબકા થાય છે.<br>(A) 5 થી 10 (B) 4 થી 8 (C) 6 થી 12 (D) એકપણ નહીં |
| 41 | ઠંડી લાગીને તાવ આવે માથું દુ:ખે ચક્કર આવે, ઉલટી–ઉબકા થાય બરોળ–લીવર પર સોજો આવે એ ________ રોગના લક્ષણો છે.<br>(A) ડિપ્થેરીયા (B) કોલેરા (C) ક્ષય (D) મેલેરિયા |
| 42 | ઝાડા–ઉલટી થાય તો માતા પર થતી અસરો<br>(A) હાંફ ચડે, થાકી જાય (B) અધૂરા મહિને સુવાવડ, ફિક્કી પડે<br>(C) ડિહાઈડ્રેશન થાય, શોકમાં જાય, કદાચ મૃત્યુ પણ થાય (D) આમાંથી એકપણ નહીં |
| 43 | માતાને B.P. વધુ હોય, 35 કરતાં વધુ ઉંમર હોય, મેલીનો ભાગ નીચે હોય તો તેને _________ ગર્ભાવસ્થા કહેવાય.<br>(A) જોખમી (B) સામાન્ય (C) જખમી (D) ઘનિષ્ટ |
| 44 | દર્દી ગાંઠ પડી ગઈ એવી હિસ્ટ્રી આપે તો તેને ___________ એબોર્શન કહેવાય.<br>(A) In complete (B) Septic (C) Complet (D) Threatned |
| 45 | Vesicular mol ની સ્થિતિ કયારે ઉભી થાય છે ?<br>(A) સ્ત્રીબીજ ના હોય ત્યારે (B) સ્ત્રીબીજ સારું હોય ત્યારે<br>(C) સ્ત્રીબીજ ખરાબ થાય ત્યારે (D) સ્ત્રીબીજ સામાન્ય હોય ત્યારે |
| 46 | જે માતાને થાક લાગે શ્વાસ ચડે, પાણી પડે, પેટમાં બળતરા થાય, પગે સોજા આવે, ઉલ્ટી થાય, પેશાબમાં આલ્બ્યુમીન જાય, બાળક ધીમે ફરકે, તાવ આવે તેમને __________ સારવારની જરૂર પડે.<br>(A) સામાન્ય (B) વિશિષ્ટ (C) જરૂર ના પડે (D) કયારેક |
| 47 | જો રક્ત કણોનો વિનાશ થાય તો બાળક ________ જન્મે<br>(A) ખોડખાંપણવાળું (B) લાલાશ પડતું (C) પાંડુરોગવાળું (D) A અને C બંને |
| 48 | સગર્ભાને છાતીમાં બળતરા થાય અને ઉબકા આવે તો ___________ પદાર્થો ન લેવા.<br>(A) મીઠા–ખારા (B) તીખા–મીઠા (C) તીખા–તળેલા (D) કડવા–તૂરા |
| 49 | સગર્ભાએ સાત પછી નવા મહિના સુધી દર _________ દિવસે તપાસ કરાવવી જરૂરી છે.<br>(A) સાત દિવસે (B) પંદર દિવસે (C) વીસ દિવસે (D) ત્રીસ દિવસે |
| 50 | રક્તસ્ત્રાવ એકદમ તાજો હોવો, દુ:ખાવા વગર અને વારંવાર રક્તસ્ત્રાવ થવો ?<br>(A) નોર્મલ બાબત (B) મેલીનો ભાગ જલ્દી છૂટો પડવો<br>(C) મેલીનો ભાગ નીચે હોવો (D) B અને C બંને |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**સત્રાંત પરીક્ષા જુલાઈ : 2012**

**સૂચના :** 1. તમામ પ્રશ્નોના જવાબ ફરજિયાત છે.

2. જયાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.

3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું

4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.

5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.

6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ** : સર્ટિફિકેટ ઈન મેટરનીટી નર્સિંગ આસીસ્ટન્ટ **(CTBA)** નોંધણી નંબર : ___________

**પાઠયક્રમ** : પ્રસૂતિ દરમ્યાન અને પ્રસૂતિ સંભાળ **(CTBA-02)**

**તારીખ** : **07/07/2012**

**સમય** : **3:00 to 4:30** **કુલ ગુણ : 50**

---

| | |
|---|---|
| 1 | આ ભેગાં થઈ બાળકના જન્મ માટે એક સળંગ રસ્તા જેવું બનાવે છે.<br>(A) ગર્ભાશય અને તેનું મુખ (B) ગર્ભાશય અને યોનિ<br>(C) ગર્ભાશય મુખ અને યોનિ (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 2 | પ્રસૂતિના stages<br>(A) એક (B) બે (C) ત્રણ (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 3 | બીજી પ્રસૂતિમાં લેબર પેઈન – પ્રથમ તબક્કો _________ કલાકનો.<br>(A) 6 થી 8 કલાક (B) 8 થી 12 કલાક (C) 6 થી 12 કલાક (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 4 | પ્રથમ પ્રસૂતિમાં ગર્ભાશયનું મુખ ________________ થાય છે.<br>(A) જાડું (B) પાતળું (C) બંને (D) એકપણ નહીં |
| 5 | દ્વિતીય તબક્કો – બીજી પ્રસૂતિમાં કેટલા કલાક ચાલે ?<br>(A) 1 થી 2 કલાક (B) 30 મિનિટ (C) 1.5 થી 2 કલાક (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 6 | પાણીની બેગ તૂટે<br>(A) પ્રથમ તબક્કામાં (B) દ્વિતીય તબક્કામાં (C) તૃતીય તબક્કામાં (D) ચોથા તબક્કામાં |
| 7 | ગર્ભાશયનું મુખ દુઃખાવાના શરૂના 4 કલાકમાં 2 cm જેટલું ખૂલે છે.<br>(A) ખરુ (B) ખોટું (C) A અને B બન્ને (D) ત્રણ માંથી એકપણ નહીં |
| 8 | એકટીવ ફેજ<br>(A) પ્રથમ તબક્કો (B) દ્વિતીય તબક્કો (C) તૃતીય તબક્કો (D) એકપણ નહીં |
| 9 | પાણીની બેગ ગર્ભાશય કઠણ થાય ત્યારે<br>(A) ફૂલે (B) ઢીલી થાય (C) બંને (D) બે માંથી એકપણ નહીં |
| 10 | આનાંથી ગર્ભાશય કઠણ બને છે.<br>(A) પ્રોસ્ટાગ્લેન્ડીન (B) પ્રોજેસ્ટીરોન (C) ઈસ્ટ્રોજન (D) કેલ્શિયમ |
| 11 | ગર્ભાશયના સ્નાયુઓનું સંકોચન થાય છે.<br>(A) પ્રોજેસ્ટીરામ (B) પ્રોસ્ટાગ્લેન્ડીન (C) ઈસ્ટ્રોજન (D) ઓકિસટોસીન |
| 12 | નાળની લંબાઈ વધી હોવાનો ભાસ થાય.<br>(A) પ્રસૂતિ પૂરી થયે (B) ઓળ છૂટી પડેથી (C) પ્રસૂતિ સમયે (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 13 | એનીમા આપવાથી વધે છે. –પ્રસૂતિનો<br>(A) સાચો દુઃખાવો (B) ખોટો દુઃખાવો (C) બંને (D) એકપણ નહીં |

| | |
|---|---|
| 14 | પ્રસૂતિ બાદનો રક્ત સ્ત્રાવ<br>(A) મેલીનું અંદર રહી જવું (B) ગર્ભાવરણના ટુકડાં (C) લોહીની ગાંઠનું ગર્ભાશયમાં રહી જવું (D) ત્રણેય |
| 15 | સુવાવડના કારણે લાગતો શારીરિક આધાત<br>(A) અસંકોચન (B) ઈજા (C) અસાધારણ ઓળ (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 16 | પ્રસૂતિબાદના 24 કલાક દરમ્યાન થતો રક્તસ્ત્રાવ<br>(A) પ્રથમ તબક્કો (B) સેકન્ડરી (C) બંને (D) એકપણ નહીં |
| 17 | ગર્ભાશય પોચું પડી જાય – રક્તસ્ત્રાવનું કારણ ગર્ભાશયનું<br>(A) અસંકોચન (B) ઈજા (C) ગર્ભાશયનું ફાટી જવું (D) ત્રણેય |
| 18 | પેટ પર તપાસ કરતાં ગર્ભાશય મળતું નથી અથવા કપ જેવા આકારનું જણાય.<br>(A) અસંકોચન (B) ગર્ભાશય ઉલટાઈ જવું (C) ગર્ભાશયનું ફાટી જવું (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 19 | મીજોપ્રોસ્ટોલની ગોળી મુદ્દા વાટે મૂકી શકાય.<br>(A) ઓળ છૂટી ન પડે તો (B) ઓળ છૂટી પડે તો<br>(C) રક્તસ્ત્રાવ બંધ ન થાય ત્યારે (D) ત્રણેય |
| 20 | RH ગ્રુપની અસંગતતા<br>(A) ઓળનું મોટું કદ (B) ઓળનું ગર્ભાશયનાં સ્નાયુઓ સાથે ચોટીં જવું<br>(C) ગર્ભાશયનું ઉલટાઈ જવું (D) ત્રણેય |
| 21 | ઓળનું કદ મોટું હોય<br>(A) સિફિલિસ (C) જોડિયા બાળકો<br>(B) માતા તથા બાળકના R.H ગ્રુપની અસંગતતા (D) ત્રણેય |
| 22 | પ્રસૂતિબાદ શારીરિક આધાતનું મુખ્ય કારણ<br>(A) રક્તસ્ત્રાવ (B) નાડીનાં ધબકારા 120/m કરતાં વધી જવાં (C) બી.પી. ઘટી જવું (D) ત્રણેય |
| 23 | સામાન્ય પ્રસૂતિ માટે _________ કલાક સુધી કોઈ પગલાં ન લેવાં<br>(A) 24 (B) 28 (C) 36 (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 24 | બાળકના માથા અને માતાના પેઢુ વચ્ચે અસંગતતાનું<br>(A) પ્રથમ સુવાવડમાં છેલ્લાં દિવસો દરમ્યાન માથાનું પેઢુમાં ન ઉતરવું (B) ડાયાબીટીસ<br>(C) RH ગૃપની અસંગતતા (D) ત્રણેય |
| 25 | અસામાન્ય સંકોચનના પ્રકાર<br>(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર |
| 26 | ગર્ભાશયનું સંકોચન પ્રથમ તબક્કા દરમ્યાન __________ સેકન્ડ માટે રહે છે.<br>(A) 10 (B) 20 (C) 30 (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 27 | હાઈપર ટોનીક – સંકોચન<br>(A) અશકત અને ઓછા (B) ખૂબ જ અશકત અને ઉપરા છાપરી (C) હળવા (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 28 | ગર્ભાશયનું સંકોચન બીજા તબક્કામાં જયારે આવે છે ત્યારે આટલી સેકન્ડ માટે રહે છે.<br>(A) 20 થી 25 કલાક (B) 30 થી 45 કલાક (C) 25 થી 35 કલાક (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 29 | ગર્ભાશયનું મૂળ પ્રસૂતિ માટે ખૂલવા માટે અશકત હોવાથી<br>(A) જોડિયા બાળકો એક બીજા સાથે ફસાઈ જાય (B) ગર્ભાવરણ ફાટી જાય<br>(C) ગર્ભાશય ફાટી જાય (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 30 | પ્યુરપેરિયમનો શરૂઆતનો તબક્કો<br>(A) 24 કલાક (B) 7 દિવસ (C) 1 માસ (D) દોઢમાસ |
| 31 | પ્રસૂતિ બાદ સગર્ભાવસ્થા પહેલાંનું સ્વરૂપ સો એ સો ટકા પ્રાપ્ત થાય છે.<br>(A) ખરું (B) ખોટું (C) A અને B બન્ને (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 32 | પ્રસૂતિના _________ અઠવાડિયા પછી પેટ પરથી ગર્ભાશયની ખબર પડતી નથી.<br>(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર |
| 33 | પ્રસૂતિના બે અઠવાડિયા પછી ગર્ભાશયનું વજન<br>(A) 100 gm (B) 200 gm (C) 300 gm (D) ત્રણેમાંથી એકપણ નહીં |

| | |
|---|---|
| 34 | પ્રસૂતિ બાદ___________ અઠવાડિયામાં ગર્ભાશય તેનું અસલ કદ પ્રાપ્ત કરી લે છે.<br>(A) બે (B) ચાર (C) છ (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 35 | પ્રસૂતિ બાદ થતાં સ્ત્રાવનો કલર બદલાઈને ________ થાય છે.<br>(A) લાલ (B) ગુલાબી (C) સફેદ (D) મરૂન |
| 36 | પ્રસૂતિ બાદ થતો સ્ત્રાવ વચ્ચે બંધ થઈ કેટલા સમય સુધી થાય ?<br>(A) બે અઠવાડિયા (B) ત્રણ અઠવાડિયા (C) ચાર અઠવાડિયા (D) આઠ અઠવાડિયા |
| 37 | ધાવણ આપતી સ્ત્રીઓમાં ઋતુસ્ત્રાવ વહેલામાં વહેલું<br>(A) 1-5 મહિને (B) બીજા મહિને (C) ત્રીજા મહિને (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 38 | જે સ્ત્રીઓ ધાવણ ન આપે તેમાં કેટલા સમયે સ્ત્રાવ ચાલુ થઈ શકે ?<br>(A) 1 માસ (B) 1.5 માસ (C) 2 માસ (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 39 | Stria<br>(A) પ્રસૂતિ સમયે થતો સ્ત્રાવ (B) પ્રસૂતિ બાદ થતો સ્ત્રાવ<br>(C) ગુલાબી રંગના ડાઘા (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 40 | પ્રસૂતિ બાદ શ્વેતકણોનું પ્રમાણ કેટલા સમયમાં norml થઈ જાય ?<br>(A) 4 દિવસ (B) 6 દિવસ (C) 7 દિવસ (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 41 | હિમોડાઈલ્યુશન<br>(A) સગર્ભાવસ્થા દરમ્યાન શરીરમાં લોહીનું પ્રમાણ વધવું<br>(B) સગર્ભાવસ્થા દરમ્યાન શરીરમાં લોહીનું પ્રમાણ ઘટવું<br>(C) સગર્ભાવસ્થા દરમ્યાન શ્વેતકણોનું પ્રમાણ ઘટવું<br>(D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 42 | માતાની ઉંમર, સુવાવડની સંખ્યા, બાળકના વજન અને ધાવણ સાથે આને કોઈ સંબંધ નથી.<br>(A) Lochia (B) Involation (C) Haemodilution (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 43 | પ્રસૂતિના ત્રીજા – ચોથા દિવસે તાવ આવે છે તે કેટલો સમય રહે છે ?<br>(A) 6 કલાક (B) 12 કલાક (C) 24 કલાક (D) 48 કલાક |
| 44 | પ્રસૂતિબાદ નાડીના ધબકારા કેટલાં સમયે માપવા જોઈએ ?<br>(A) દર 10 મિનિટ (B) દર 15 મિનિટ (C) દર 20 મિનિટ (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 45 | પ્રસૂતિબાદ કેટલા દિવસ પછી હલકું કામ કરી શકાય ?<br>(A) 7 (B) 8 (C) 10 (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 46 | લેકટેશનની પ્રક્રિયા દરમ્યાન સ્ત્રાવ થાય છે.<br>(A) ઈસ્ટ્રોજ (B) પ્રોજસ્ટેરોન (C) ઓકિસટોસીન (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 47 | Letting down એટલે<br>(A) પ્લેસન્ટલ લેકટોજન (B) મિલ્ક ઈજેકશન (C) ફોરમિલ્ક (D) હાઈન્ડમિલ્ક |
| 48 | ધાવણમાં રહેલું તાવ રોગ પ્રતિકારક શકિત પૂરી પાડે છે.<br>(A) પ્રોટીન (B) ચરબી (C) સ્ટાર્ચ (D) ગામા ગ્લોબ્યુલિન |
| 49 | પ્રસૂતિ બાદ નાળીઓમાં લોહીના ગંઠાઈ જવાના પ્રકાર<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) ત્રણેમાંથી એકપણ નહીં |
| 50 | પ્રસૂતિ બાદ 24 કલાકમાં ___________ ml થી ઓછો પેશાબ થાય તેને ગંભીર સમસ્યા કહેવાય.<br>(A) 200 ml (B) 300 ml (C) 400 ml (D) 500 ml |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**સત્રાંત પરીક્ષા જુલાઈ : 2012**

**સૂચના :**
1. તમામ પ્રશ્નોના જવાબ ફરજિયાત છે.
2. જયાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.
3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું
4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.
5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.
6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ** : સર્ટિફિકેટ ઈન મેટરનીટી નર્સિંગ આસીસ્ટન્ટ **(CTBA)** નોંધણી નંબર : ___________
**પાઠયક્રમ** : નવજાત શિશુ સંભાળ અને કુટુંબ નિયોજન **(CTBA-03)**
**તારીખ** : **09/07/2012**
**સમય** : **11:00 to 12:30** **કુલ ગુણ : 50**

---

| | |
|---|---|
| 1 | શિશુઓને જૂથમાં કઈ રીતે વહેંચી શકાય ?<br>(A) બાળકનું વજન અને સગર્ભાવસ્થાનો ગાળો (B) બાળકની ઊંચાઈ અને સગર્ભાવસ્થાનો ગાળો<br>(C) બાળકનું વજન અને ઊંચાઈના આધારે (D) એકપણ નહીં |
| 2 | જન્મ સમયે મળ ફેફસામાં રહે તો શું થાય ?<br>(A) ન્યૂમોનીયા (B) ડાયેરીયા (C) અસ્થમા (D) વોમીટ |
| 3 | બાળકનાં જન્મ પછી કેટલા સમયમાં બાળકને ધાવણ આપી શકાય ?<br>(A) કલાક પછી (B) અડધા કલાક પછી (C) 1 ½ થી 2 કલાક પછી (D) જન્મ્યા પછી તરત જ |
| 4 | માતાના શરૂઆતના ધાવણમાં કયું તત્ત્વ હોય છે ?<br>(A) લોહતત્ત્વ (B) કેલ્શિયમ (C) કોલોસ્ટ્રોમા (D) વિટામીન |
| 5 | નાના બાળકોનાં ડાબા ખભા ઉપર અપાતી રસીનું નામ શું છે ?<br>(A) હીપેટાઈટીસ–બી (B) બી.સી.જી (C) ડી.પી.ટી. (D) મીઝલ્સ |
| 6 | પ્રસૂતિ પછીનાં કેટલા મહીના બાળક એકલા ધાવણ પર હોય ત્યારે ધાવણને એક અસરકારક પ્રસૂતિ નિવારણ પદ્ધતિ ગણી શકાય ?<br>(A) 9 મહિના (B) 6 મહિના (C) 4 મહિના (D) ઉપરનામાંથી એકેય નહીં |
| 7 | બાળકનાં વારંવાર ધાવણ લેવાથી શેનું પ્રમાણ વધે છે ?<br>(A) ઈસ્ટ્રોજન (B) પ્રોજેસ્ટેરોન (C) પ્રોલેક્ટિન (D) એકેય નહીં |
| 8 | કુટુંબનિયોજનની પદ્ધતિમાં કોઈટસ ઈન્ટસ્ટસ નામની પદ્ધતિ કેટલી અસરકારક ગણી શકાય ?<br>(A) 100% (B) 70-80% (C) 50% (D) 70-85% |
| 9 | આકડીનાં કેટલા પ્રકાર છે ?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) એકપણ નહીં |
| 10 | ગર્ભનિરોધક ગોળીનાં પેકેટમાં કેટલી સફેદ ગોળી હોય છે ?<br>(A) 21 (B) 28 (C) 7 (D) ઉપરમાંથી એકેય નહીં |
| 11 | ગર્ભનિરોધક રીંગમાં શું હોય ?<br>(A) ઈસ્ટ્રોજન (B) પ્રોજેસ્ટેરોન (C) નોરઈથીસ્ટ્રેરોન (D) ઉપરમાંથી એકેય નહીં |
| 12 | સ્ત્રીઓમાં સફેદ પાણી પડવાની તકલીફને અંગ્રેજીમાં શું કહે છે ?<br>(A) લ્યુકોરીયા (B) ગોનોરીયા (C) મેનોરેજીયા (D) ઉપરના એકપણ નહીં |

| | |
|---|---|
| 13 | સામાન્ય રીતે સ્ત્રીઓમાં માસિક સ્ત્રાવનો દર કેટલા દિવસનો હોય છે ?<br>(A) 28 દિવસ (B) 26 થી 30 દિવસ (C) 30 દિવસ (D) 26 થી 28 દિવસ |
| 14 | ડીસ્મેનોરીયાના કેટલા પ્રકાર હોય ?<br>(A) ત્રણ (B) બે (C) એક (D) ચાર |
| 15 | નવજાત યુગલમાં કેટલા સમયગાળા દરમ્યાન બાળક ન રહે તો ત્યારે તેને વંધ્યત્વ ગણી શકાય ?<br>(A) એક વર્ષ (B) 6 મહિના (C) બે વર્ષ (D) ઉપરના એકેય નહીં |
| 16 | પેટ પરથી દૂરબીન નાખીને થતી તપાસને શું કહેવાય ?<br>(A) લેપ્રોસ્કોપી (B) એન્ડોસ્કોપી (C) સોનોગ્રાફી (D) ઉપરમાંથી એકેય નહીં |
| 17 | ટ્રીપોનોમા પેલીડીથમ નામના જીવાણુથી થતા રોગનું નામ શું છે ?<br>(A) ગોનોરીયા (B) સીફીલીસ (C) શેન્કરોઈડ (D) AIDS |
| 18 | સીફીલીસ નામના રોગમાં કેટલા તબક્કા હોય છે ?<br>(A) બે (B) ચાર (C) ત્રણ (D) એકેય નહીં |
| 19 | એઈડ્સના વાઈરસ શેનો નાશ કરે છે ?<br>(A) શ્વેતકણો (B) રકતકણો (C) ત્રાકકણો (D) એકેય નહીં |
| 20 | ગર્ભાશય ખસવાના પ્રકાર કેટલા હોય છે ?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) એકેય નહીં |
| 21 | કરોડરજ્જુના સૌથી નીચેના ભાગને શું કહે છે ?<br>(A) કોકસીદન (B) સેકરમ (C) પેલ્વીસ (D) ઉપરમાંથી એકેય નહીં |
| 22 | કેન્સરની સારવારમાં મુખ્યત્વે કેટલા વિકલ્પો હોય છે ?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) એકેય નહીં |
| 23 | કોલ્થોસ્કોપીથી શેની તપાસ થાય છે ?<br>(A) અંડાશયના કેન્સર (B) ગર્ભાશયનું કેન્સર (C) બાહ્ય જનનાંગોનું કેન્સર (D) ગર્ભાશયના મુખનું કેન્સર |
| 24 | જે સ્ત્રીઓમાં કેન્સર થવાનું જોખમ વધુ હોય તેવી સ્ત્રીઓમાં સ્ક્રીનીંગ(તપાસ) કરવું જોઈએ ?<br>(A) ઉપરનું વિધાન સાચું છે (B) ઉપરનું વિધાન ખોટું છે (C) વિધાન અધરું છે (D) એકેય નહીં |
| 25 | Acquired Immuno deficiency syndrome એટલે શું ?<br>(A) HIV (B) સીફીલીસ (C) AIDS (D) કેન્સર |
| 26 | પેલ્વીક ઈન્ફ્લેમેટરી ડીસીઝ એટલે શું ?<br>(A) પેઢુમાં થતો રોગ (B) ગર્ભાશયમાં થતો રોગ (C) પેશાબમાં થતો રોગ (D) એકેય નહીં |
| 27 | લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ઓછું હોવાથી થતા રોગને શું કહેવાય ?<br>(A) પાંડુરોગ (B) સ્કર્વી (C) થેલેસેમીયા (D) એકેય નહીં |
| 28 | અંતઃસ્ત્રાવોનું બીજું નામ શું છે ?<br>(A) હોર્મોન્સ (B) મીનરલ્સ (C) વિટામીન (D) એકેય નહીં |
| 29 | નસબંધીનું ઓપરેશન કોનામાં થાય છે ?<br>(A) માત્ર સ્ત્રીઓમાં (B) માત્ર પુરુષોમાં (C) સ્ત્રી અને પુરુષ બંનેમાં (D) એકેય નહીં |
| 30 | બેરીયર મેથડ કઈ રીતે કામ કરે છે ?<br>(A) સ્ત્રીબીજ અને પુરુષબીજનું મિલન અટકાવે. (B) સ્ત્રીબીજનો નાશ કરે.<br>(C) પુરુષબીજનો નાશ કરે. (D) ત્રણેયમાંથી એકેય નહીં. |
| 31 | માઈગ્રેનમાં દુખાવો કયાં થાય ?<br>(A) માથામાં (B) છાતીમાં (C) પેટમાં (D) ગળામાં |
| 32 | ગર્ભનિરોધક ગોળી કયા પ્રકારની ગ્રંથિમાંથી અંતઃસ્ત્રાવનો સ્ત્રાવ અટકાવી અંડાશયમાંથી સ્ત્રીબીજને છૂટું પડતું અટકાવે છે ?<br>(A) પિટ્યૂટરી (B) થાઈરોઈડ (C) એડ્રિનલ (D) પેરાથાઈરોઈડ |
| 33 | આપણા દેશમાં આંકડી કોણ મૂકી શકે ?<br>(A) ડૉકટર (B) મહિલા આરોગ્ય તપાસનીસ (C) સહાયક નર્સ દાયકા (D) ઉપરના ત્રણેય |
| 34 | સાદી આંકડી શેની બનેલી હોય છે ?<br>(A) કોપરની (B) સ્ટીલની (C) પ્લાસ્ટીકની (D) સ્ટીલ કે પ્લાસ્ટીકની |

| | |
|---|---|
| 35 | કુટુંબનિયોજન માટે વપરાતા બેરીયર સાધનોમાં ડાયાફ્રામનો આકાર કેવો હોય છે ?<br>(A) ગોળાકાર (B) અર્ધગોળાકાર (C) રકાબી જેવો (D) એકેય નહીં |
| 36 | Cervical Cap કેવી સ્ત્રીઓમાં વાપરી શકાય ?<br>(A) જેમાં યોનિનો ટોન વધુ હોય. (B) યોનિનો ટોન ઓછો હોય.<br>(C) જેમાં ગર્ભાશયનું મુખ નાનું હોય. (D) ત્રણેયમાંથી એકેય નહીં. |
| 37 | પુરુષ નસબંધી કર્યા પછી કેટલા સમય સુધી નિરોધ વાપરવો જોઈએ ?<br>(A) 15 દિવસ (B) 1 મહિનો (C) 3 મહિના (D) 6 મહિના |
| 38 | B.B.T ચાર્ટ પરના રેકોર્ડ પ્રમાણે તાપમાનમાં કેટલો વધારો થાય તો ગર્ભ રહેવાની શકયતા ઓછી હોય છે ?<br>(A) 0.2 થી 0.6 f° (B) 0.2 થી 0.5 f° (C) 01. થી 0.5 f° (D) 0.1 થી 0.6 f° |
| 39 | કેલેન્ડર મેથર્ડમાં ઓછામાં ઓછા કેટલા મહિના માસિક સ્ત્રાવના ચક્રનો રેકોર્ડ રાખવામાં આવે છે ?<br>(A) 2 મહિના (B) 6 મહિના (C) 5 મહિના (D) 4 મહિના |
| 40 | WHOના વૈજ્ઞાનિક સમૂહે પ્રસૂતિનિવારણની તંદુરસ્તી પર સીધી અસર છે તે દર્શાવતા વિવિધ મુદ્રા કયા છે ?<br>(A) માતાની તંદુરસ્તી (B) ગર્ભની તંદુરસ્તી (C) બાળકની તંદુરસ્તી (D) ઉપરના ત્રણેય |
| 41 | E.D.D. એટલે શું ?<br>(A) પ્રસુતિની ધારેલી તારીખ (B) છેલ્લા માસિકની તારીખ<br>(C) પહેલી માસિકની તારીખ (D) ત્રણેયમાંથી એકેય નહીં |
| 42 | આંચકી એટલે શું ?<br>(A) હેડકી (B) પીળીયો (C) ખેંચ (D) એકેય નહીં |
| 43 | સગર્ભા સ્ત્રીએ પ્રસૂતિ દરમ્યાન કેટલી ધનુરની રસી લેવી જોઈએ ?<br>(A) બે (B) એક (C) ત્રણ (D) એકેય નહીં |
| 44 | બાળકના જન્મ પછી દેખાતી પીળાશ કેટલા દિવસે ઓછી થતી હોય છે ?<br>(A) છ થી સાત (B) પાંચ થી દસ (C) દસ થી પંદર (D) ચાર થી પાંચ |
| 45 | નવજાત બાળક જન્મ પછી કેટલા સમયમાં કાળો જાડો ના કરે તો ઝાડાની જગ્યાની તપાસ કરાવી જોઈએ ?<br>(A) 24 કલાક (B) 12 કલાક (C) 6 કલાક (D) 2 દિવસ |
| 46 | હિપેટાઈટીસ–બીનું બીજું નામ શું છે ?<br>(A) સાદો કમળો (B) ટાઈફોઈડ (C) ફાલસીફેરમ (D) ઝેરી કમળો |
| 47 | નવજાત શિશુના જન્મ પછી બાળકને કેવા વાતાવરણમાં રાખવું જોઈએ ?<br>(A) ગરમ (B) ઠંડુ (C) હુંફાળુ (D) ભેજવાળું |
| 48 | ભારત જેવા વિકાસશીલ દેશોમાં કયા રોગ સામે રક્ષણ મેળવવા માટે OPV આપવામાં આવે છે ?<br>(A) બાળલકવા (B) ટી.બી. (C) ઝેરી કમળો (D) ડીપ્થેરીયા |
| 49 | કલેફ્ટ પેલેટ એટલે શું ?<br>(A) અન્નળી કે શ્વાસનળીમાં ખોડ હોવી. (B) આંતરડાનો વિકાસ ન હોવો.<br>(C) મોઢામાં તાળવામાં કાણું હોવું. (D) મળ નીકળવાની જગ્યા ન હોવી. |
| 50 | હીબની રસી કેટલા મહિના પછી આપવામાં આવે છે ?<br>(A) ત્રણ મહિના (B) એક મહિના (C) બે મહિના (D) છ મહિના |